Indian Journal of Social Sciences and Literature Studies ISSN 2349-5634 (Print) ISSN 2455-0973(Online) Vol. 2 Issue 2
A peer reviewed refereed international Journal Impact Factor 3.12
© Contemporary Research Publication

# એક પાત્ર, બે નાટક – તુલનાત્મક અભ્યાસ

**પ્રા. હીરજી પા. સિંચ**

**મદદનીશ પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કૉલેજ, રાણાવાવ**

ભારતીય નાટ્ય પરંપરામાં કહેવાયું છે काव्येषु नाटकं रम्य -નાટકને એક રમણીય કાવ્યપ્રકાર કહેવાયું છે. મારો હેતુ ગુજરાતી અને હિંદી ભાષાના બે ઐતિહાસિક નાટકો વિશે અભ્યાસ કરવાનો છે. ગુજરાતી સાહિત્યમાં ક.મા. મુનશી એક સફળ નવલકથાકાર, નાટ્યકાર છે. ઐતિહાસિક નવલકથા ક્ષેત્રે અભૂતપૂર્વ સફળતા મેળવનાર મુનશી એક જ ઐતિહાસિક નાટક આપે છે 'ધ્રુવસ્વામિની દેવી'. અન્ય પાંચ પૌરાણિક અને નવ સામાજિક નાટકો આપ્યા છે. હિંદી સાહિત્યમાં જયશંકર પ્રસાદ કવિ છે, વાર્તાકાર છે, નવલકથાકાર છે, નાટ્યકાર છે. પ્રસાદજીએ 14 નાટકો આપ્યા તેમાંથી 'ધ્રુવસ્વામિની' એમનું અંતિમ નાટક છે.

અહીં આપણે બે જુદી-જુદી ભાષામાં નાટકની તુલના કરવાનો ઉપક્રમ છે. તેમાં સૌપ્રથમ બંને નાટકોની કથાવસ્તુ જોઇ લઇએ.

ક. મા. મુનશી કૃત 'ધ્રુસ્વામિની દેવી'ની કથાવસ્તુ ચાર અંકોમાં વિભાજિત છે. પહેલા અંકમાં સમુદ્રગુપ્તના અવસાન પછી તેનો મોટો પુત્ર રામગુપ્ત મગધની ગાદીએ બેઠો છે. અચ્યુતદેવની દીકરી ધ્રુવદેવી મહાદેવીનું પદ ભોગવે છે. રામગુપ્તનો નાનો ભાઇ ચંદ્રગુપ્ત પિતાના જીવતાં જ યુધ્ધમાં ગયો છે અને તે મગધ પાછો ફરે છે. મગધની ગાદીએ બેઠેલા રામગુપ્તને મળવા ઇચ્છે છે પણ એને મુલાકાત મળતી નથી. રાણી ધ્રુવદેવીને મળે છે પણ તે ભવ્ય પ્રાસાદોમાં એકલી અટૂલી લાગે છે. સોમદત્ત ગુરુદક્ષિણા માગવા આવ્યો એનું અપમાન કરી રામગુપ્તદેવ એને કાઢી મૂકે છે.રામગુપ્ત મોજમજામાં ડૂબેલો છે. મગધ ઉપર મહાક્ષત્રપ રુદ્રસેનની ચડાઇથી ચંદ્રગુપ્ત રામગુપ્તને તેના સૈનિકને પ્રેરવા કહે છે પણ રામગુપ્ત કહે છે 'પરાક્રમદેવના દિવસો ગયા. હવે હું જગતનો નાથ છું. તું એમના સૈન્યને પ્રેર. હું એમની રાજ્યલક્ષ્મી ભોગવું છું.' પિતાની ભૂતકાળની કીર્તિ રામગુપ્તને કનડે છે.'હું મરેલાની કીર્તિ માટે રાજ્ય કરતો નથી. મારી મોજ માટે કરું છું. આ ચંદ્રને કીર્તિ જોઇએ તો ભલે એ કપાઇ મરે. મેં ના કહી છે ? પણ મારે આ પંચાત ન જોઇએ.' આવા પતિ માટે ધ્રુવદેવીને પારાવાર ખેદ થાય છે. ધ્રુવદેવી શકોની સામે લડવા તૈયાર છે અને ચંદ્રગુપ્ત પ્રત્યે છુપુ આકર્ષણ છે. બીજા અંકમાં રામગુપ્ત રુદ્રસેન આગળ હાર કબૂલ કરે છે. મહાદંડનાયક સેનાપતિઓ રામગુપ્તથી નારાજ છે. સંધિમાં તે ધ્રુવદેવીની માગણી કરે છે. ચંદ્રગુપ્ત આકરો થઇ કહી દે છે કે,'રુદ્રસેન, આ શકબાલા નથી. આર્યોની મુકુટમણિ છે' પણ રામગુપ્ત તે પ્રસ્તાવ સ્વીકારવા તૈયાર છે. છેવટે ચંદ્રગુપ્ત સ્ત્રીવેશે રુદ્રસેનની શિબિરમાં જઇ હુમલો કરે છે અને જીત મેળવે છે. ધ્રુવદેવી ચંદ્રગુપ્ત માટે કહે છે. 'આ બધામાં એક જ નરવીર, એક જ પુરુષ છે.' બીજી બાજુ રામગુપ્તના ગૃહસેન વગેરે માણસો ધ્રુવદેવીને બળજબરીથી ઉપાડી જાય છે.ત્રીજા અંકમાં ચંદ્રગુપ્ત રામગુપ્તના ખૂની પેંતરાથી બચવા ગાંડા થવાનું નાટક રચે છે અને ધ્રુવદેવીને મળે છે. ધ્રુવદેવી સંમોહિત થઇ કહે છે.'મને મળવા માટે આ સાહસ કર્યું!' ત્યાં રામગુપ્ત આવી ચડે છે અને ચંદ્રગુપ્ત રામગુપ્તને ગાંડાના સ્વાંગમાં ગળે ટૂંપો દઇ દે છે. મગધમાં ધ્રુવદેવીની આણ ફેરવવામાં આવે છે. ચોથા અંકમાં ધ્રુવદેવી સામે ચંદ્રગુપ્તના સાવકાભાઇ સ્કંધ માટે એક રાજજૂથ બળવો પોકારે છે. રાજમહેલ ચારે તરફથી ઘેરાય છે. ત્યાં ચંદ્રગુપ્ત આવી ચડે છે. પારીવલ્ક્યને પોતાનું અને ધ્રુવદેવીનું લગ્ન કરાવી દેવા વિનંતી કરે છે. પારીવલ્ક્ય આ પ્રેમલગ્નને વધાવે છે. ચંદ્રગુપ્ત ઘેરાયેલા રાજમહેલને ખોલી નાખે છે. સ્કંધ અને તેના માણસો ચંદ્રગુપ્ત અને ધ્રુવદેવીની સત્તાનો સ્વીકાર કરે છે.